# સ્માર્ટ મીટર અંગે વારંવાર પુછતા તાંત્રિક પ્રશ્નો:

**૧.હાર્ડવેર ડિઝાઈન: -** મીટરની હાર્ડવેરની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા સ્માર્ટ મીટર ઉત્પાદક, વિક્રેતાઓના મેક અને કમ્પ્લાયન્સ જાહેર કરવા જોઈએ.

**પ્રતિભાવ:** ભારતમાં પ્રતિષ્ઠિત અને અનુભવી ઉત્પાદકો પાસેથી સ્માર્ટ મીટર ખરીદવામાં આવે છે, જે તમામ ભારતીય માનક IS 16444 અને અન્ય ફરજિયાત પ્રમાણપત્રોનું પાલન કરે છે જે સ્માર્ટ મીટરની વિશ્વસનીયતા ને સુનિશ્ચિત કરવામાં જરુરી છે. હાલમાં AEW અને Schneider મેક ના મીટર PESL દ્વારા ખરીદવામાં આવે છે. આ પ્રમાણપત્રો ઉપરાંત, તમામ મીટરો ગ્રામીણ વિદ્યુતીકરણ નિગમ દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રમાણભૂત બિડિંગ દસ્તાવેજમાં દર્શાવેલ સ્પષ્ટીકરણો તેમજ ડિસ્કોમ સ્પષ્ટીકરણોને પૂર્ણ કરે છે.

**૨. કોમ્યુનિકેશન પ્રોટોકોલ:** મીટર કયા પ્રોટોકોલ પર કામ કરી રહ્યું છે. WiFi, Bluetooth, ZigBee, RS485 તે જાહેર કરવું જોઈએ. જેમ કે Wi-Fi સંચાલિત ઉપકરણ બ્લુટૂથ કરતાં વધુ પાવર વાપરે છે.

**પ્રતિભાવ:** તમામ સ્માર્ટ મીટર્સ ભારતીય માનક IS 15959 નું પાલન કરીને સેલ્યુલર/RF કોમ્યુનિકેશન્સનો ઉપયોગ કરે છે, જે ગ્રામીણ વિદ્યુતીકરણ નિગમ દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રમાણભૂત બિડિંગ દસ્તાવેજમાં પ્રકાશિત સ્પષ્ટીકરણોમાં દર્શાવેલ છે. ઉપરાંત, તેઓ ભારત સરકારના ટેલિકોમ મંત્રાલય દ્વારા નિર્ધારિત જરૂરિયાતોને પણ પૂર્ણ કરે છે.

**3. મીટર અધિકૃતતા/પરીક્ષણ: -** સ્માર્ટ મીટર મેન્યુઅલ મીટરની જેમ જ કામ કરે છે તેની ખાતરી માટે વીજ કંપનીએ થર્ડ પાર્ટી એજન્સીના પ્રમાણપત્રો જાહેર કરી મીટર સાથે તેનું પ્રમાણપત્ર આપવું જોઈએ.

**પ્રતિભાવ:** NABL-માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓમાં પરીક્ષણ કર્યા પછી બધા સ્માર્ટ મીટર પ્રમાણપત્ર સાથે આવે છે. મીટર ભારતીય માનક IS 16444 અને BIS ધોરણો ને અનુસરે છે.

**૪. માપાંકન:** મીટરને ફરીથી માપાંકિત કરવાનો સમયગાળો શું છે? વીજ ગ્રાહક કેવી રીતે ખાતરી કરે છે કે એક વર્ષ પછી મીટર સાચો ટેરિફ દર્શાવે છે?

**પ્રતિભાવ:** મીટર 10 વર્ષની વોરંટી સાથે આવે છે. ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન અને પ્રમાણભૂત બિડિંગ દસ્તાવેજો અનુસાર તમામ મીટર ઈલેક્ટ્રોનિક રીતે માપાંકિત અને તપાસવામાં આવે છે. જો કે, તેઓને તેમના કાર્યકાળ સમય દરમિયાન કોઈપણ સમયે પરીક્ષણ કરી શકાય છે.

**૫. કોમ્યુનિકેશન સિક્યોરિટી:** સ્માર્ટ મીટરમાંથી સેન્સિટિવ રેવન્યુ ડેટા ટ્રાન્સમિટ કરાઈ રહ્યા હોવાથી, મીટરના ફર્મવેર રાઈટિંગમાં ક્યા પ્રકારનું સ્ટાન્ડર્ડ સામેલ કરાયું છે તે જાહેર કરવું જરૂરી છે.

**પ્રતિભાવ:** મીટર ભારતીય માનક IS 15959:2016 અનુસાર સંચાર કરે છે જે ડેટા એન્ક્રિપ્શન અને પ્રમાણીકરણના સંદર્ભમાં સુરક્ષા મિકેનિઝમ પ્રદાન કરે છે અને મહત્તમ ડેટા સુરક્ષાની ખાતરી કરે છે.

**૬. મીટર ડેટા:** કંપની, ઉદ્યોગ અને ઘર માટે ડેટા વિવિધ સેગમેન્ટ મુજબ વિભાજિત કરાયા છે કે કેમ. કારણ ટેરિફની ગણતરી બધા માટે અલગ છે.

**પ્રતિભાવ:** સ્માર્ટ મીટર ટેરિફ પ્લાન વર્તમાન મીટર જેવો જ છે એટલે કે GERC ટેરિફ ઓર્ડર મુજબ જ છે.

**૭.અપગ્રેડિબિલિટી માટે કમ્યુનિકેશન પોર્ટ્સ:** ડિઝાઈનમાં અપગ્રેડબિલિટી છે કે કેમ તે સ્પષ્ટ કરવું જોઈએ. રેકોર્ડિંગ, રેકોર્ડની અવધિ અને અન્ય પેરામીટર્સનો સમાવેશ કરવાની જરૂર પડી શકે છે.

**પ્રતિભાવ:** મીટરના ફર્મવેરને અપગ્રેડ કરવા માટે, અમે સુરક્ષિત અને કાર્યક્ષમ પ્રક્રિયાનો ઉપયોગ DLMS/COSEM-સ્માર્ટ મીટર્સ કમ્પ્લાયન્સ સાથે કરીએ છીએ કે જે ભારતીય માનક IS 16444 અને IS 15959 ને અનુસરે છે. આ પ્રક્રિયા અપગ્રેડ દરમિયાન DLMS/COSEM પ્રોટોકોલનો ઉપયોગ કરીને રેકોર્ડિંગ સમયગાળો અને અન્ય મહત્વપૂર્ણ પરિમાણો સહિત મીટરની સુરક્ષા અને અખંડિતતાને સુનિશ્ચિત કરે છે.

**૮. યુઝર ઈન્ટરફેસ:** તે પ્રમાણભુત હોવુ જોઈએ , અન્યથા વિજકંપની માટે વધારાના ખર્ચ અને ગ્રાહકો પર બોજ બનશે

**પ્રતિભાવ:** વપરાશકર્તા ઈન્ટરફેસ ડેટા ઉપલબ્ધતા, રૂપરેખાંકન ક્ષમતા અને ડેટા રેકોર્ડિંગને સ્પષ્ટીકરણો અનુસાર મંજૂર કરવામાં આવે છે. આ ઉપરાંત તેઓ ભારતીય માનક IS 16444 અને IS 15959 નુ પાલન કરે છે.

**૯. સમય સુમેળ:** RTC, GPS જેવા ડેટાના ટાઈમ સિંક્રોનાઈઝેશન માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરાય છે. તે જાહેર કરવું જોઈએ. યોગ્ય ફર્મવેર લખેલું હોવું જરૂરી છે.

**પ્રતિભાવ:** સ્માર્ટ મીટર ફર્મવેર ભારતીય માનક IS 16444 અનુસાર નિર્દિષ્ટ રેન્જમાં ચોકસાઈ જાળવવા માટે રચાયેલ છે અને તે 10-વર્ષની વોરંટી સાથે આવે છે. વધુમાં,અમારી પાસે ઘડિયાળને પ્રમાણભૂત સમય સર્વર સાથે સંરેખિત રાખવા માટે જરૂરી સમય સુમેળ માટે જોગવાઈઓ છે.

**૧૦. વિશેષ વિશેષતાઓ: -** પ્રારંભિક તબક્કામાં ભાષા સપોર્ટ, ઈ-મેલ સાથે અપગ્રેડ કરવું આવશ્યક છે.

**પ્રતિભાવ:** તમામ ડેટા જેમ કે ઈમેઈલ, ફોન, સરનામું, વગેરે. ગ્રાહકના ડેટાબેઝ મુજબ જ છે. જો કોઈ સુધારાની જરૂર હોય, તો તે ગ્રાહકની પરવાનગીથી હાથ ધરવામાં આવશે.